સમસ્ત ખરક જ્ઞાતિનું ઇ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ | નવેમ્બર - ૨૦૨૧ | અંક : ૧૦ (પેઇજ : ૮)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો નમસ્કાર.

જે વ્યકિત કોઇ કાર્ય કે વ્યવહારનો વિવેકપૂર્વક આરંભ કરે અને વચ્ચે અટકે નહીં, સમય ન બગાડે અને મનને નિયંત્રણમાં રાખી કામ પાર પાડે તે જ્ઞાની છે. - વિદૂર નીતિ

જીવનમાં માણસે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ મેળવવાના છે તેમ આપણા શાસ્ત્રો કહે છે. આ પ્રયત્નમાં પોતાના આળસ અને અજ્ઞાન બાધક થાય છે પરંતુ આગળ વધવામાં સૌથી બાધક વાત બીજા લોકોની નકારાત્મક વાતો મુખ્ય છે. રજનીશે લખ્યું છે કે 'સબસે બડા રોગ, કયા કહેંગે લોગ' તે પ્રમાણે માણસ બીજાને શું લાગશે? બીજા શું વિચારશે? તેનો વિચાર કર્યા કરે છે. પરિણામે બધાને સાંભળવા, બધાને સાચવવાં જતાં પોતે ન ઘરનો કે ન ઘાટનો રહે છે. આથી જે કંઇ કરવું તે કરવું જ. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે 'જયાં સુધી ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડયા રહો.' આ માટે આપણે થોડા 'બહેરા' થવાની જરૂર છે. ચાલો તે આ વાર્તા દ્વારા સમજીએ. એકવાર પાંચ દેડકાઓએ નક્કી કર્યુ કે આપણે પાંચેય વચ્ચે હરિફાઇ કરીએ. સામે જે ઊંચો પર્વત દેખાય છે, તેના ઉપર દોડીને જે સૌથી પહેલો ચડી જાય તે વિજેતા. બીજા દિવસે સવારે હરિફાઇ શરૂ કરવાનું નક્કી કર્યું. જંગલના બીજા બધા પ્રાણીઓ પણ બીજા દિવસે સવારે હરિફાઇ જોવા માટે કુતુહુલવશ હાજર થઇ ગયા. સસલાએ સીટી મારી અને દોડ થઇ ગઇ શરૂ. પાંચેય દેડકાં કૂદકા મારતાં આગળ વધવા લાગ્યા. શિયાળ, હાથી, સિંહ અને બીજા બધા પ્રાણીઓને આ તમાશો જોઇને હસવું આવી રહ્યું હતું. અન્ય પ્રાણીઓનું ટોળું એમની પાછળ અને આસપાસ દોડી રહ્યું હતું. સૌ દેડકાંને કહી રહ્યાં હતાં કે 'તમે તો દેડકાંઓ છો, તમે આટલા ઊંચા પર્વત ઉપર કેવી રીતે ચડી શકશો?' છતાં દેડકાઓ દોડતાં રહ્યાં. ફરી પાછું કોઇ બોલ્યું. 'રહેવા દો આ દોડવાનું.. મરી જશો..' એક દેડકો થાકીને અટકી ગયો. ફરીથી કોઇનો અવાજ આવ્યો, 'હા હવે બરાબર જો આ એક દેડકો સમજી ગયો એટલે બિચારો બચી ગયો. તમે પણ અટકી જાઓ.. આટલો ઊંચો પર્વત ન ચડી શકાય.' થોડીવારમાં બીજા બે દેડકાં અટકી ગયા. ફરી પાછા અવાજ આવવા લાગ્યા. 'અલ્યા પાગલ થઇ ગયા છો કે શું? હવે તો અટકો, નહીંતર શ્વાસ ચડશે તો પેટ ફાટી જશે.' મહામહેનતે પર્વત ચડી રહેલા બેમાંથી એક દેડકો હાફીને ત્યાં જ મરી ગયો. છેલ્લો દેડકો હજુ પર્વત ચડી રહ્યો હતો. પ્રાણીઓએ કહ્યું. 'હજી સમજી જા, પાછો વળી જા.' દેડકો ચડતો રહ્યો. કોઇએ કહ્યું 'ટોચ ઉપર ન પહોંચી શકાય, તારા દોસ્તની જેમ તું પણ મરી જઇશ. અટકી જા.' છતાં દેડકો પર્વતની ટોચ તરફ આગળ વધતો રહ્યો. પ્રાણીઓએ કહ્યું 'તમારી સાત પેઢીમાં કોઇ આટલું ઊંચે નથી પહોંચી શકયું.' દેડકો છતાંયે ચડતો રહ્યો. પ્રાણીઓએ મજાક શરૂ કરી. 'હમણા મરી જશે.! હમણા નીચે પડશે' પણ દેડકો ચડતો રહ્યો અને આખરે પર્વતની ટોચ ઉપર પહોંચી ગયો. બધા પ્રાણીઓ ચુપ થઇ ગયા. જંગલમાં હાહાકાર થઇ ગયો. એક નાનકડો દેડકો પર્વતની ટોચ ઉપર પહોંચી ગયો! સૌએ દેડકાનું મેડિકલ ચેકઅપ કરાવ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે દેડકો તો બહેરો છે.

આનંદ સેતા (તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## સલામ



નામ : કાગડા નિતેશ ધીરૂભાઇ
વતન : ભુંભલી. તા. જિ. ભાવનગર.
પરિવાર : માતા : વસનબેન
ભાઈ : ધર્મેન્દ્રભાઇ
બહેન : રીનાબેન
જ.તા. ૨/૮/૧૯૯૬
ખા.દા.તા. ૨૦/૩/૨૦૧૫ અનુભવ ૬ વર્ષ
કાર્યક્ષેત્ર : બેલગાંવ, ગુલમર્ગ, જામનગર, કુપવાડા,
સંદેશ : ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.

## જ્ઞાતિ પ્રથમ



નામ : સેંતા પરિન મનસુખભાઇ
પિતા : મનસુખભાઇ નાથાભાઇ સેંતા
ગામ : ખંઢેરા/અમદાવાદ
જ્ઞાતિ ગૌરવ : ઈન્ડિયન ઇન્સ્ટી. ઓફ ટેકનોલોજી IIT મુંબઈમાં પ્રવેશ મેળવનાર જ્ઞાતિના પ્રથમ વિદ્યાર્થી
સિધ્ધિ : All India JEE ADV. RANK (AIR-105)
જુન - ૨૦૧૯ ગુજરાત રાજય રેન્ક - ૩
અભ્યાસ શાખા : B.Tech (Electrical Engi.)
ત્રીજુ વર્ષ
પરિવાર : માતા : રમીલાબેન
બહેન : ડૉ. કિંજલ (M.D.) પેથોલોજી
ડૉ. નિધિ (M.D.S.) ડેન્ટીસ્ટ
સંપર્ક : ૯૮૨૪૦ ૪૪૩૬૪
Website : www.careerstudycentre.in

## જ્ઞાતિ ગૌરવ

**NEET (UG) 2021 TOP 5 સીતારા** ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

1

650
કુચા કિશન જગદીશભાઇ રૂપાભાઇ
ત્રાપજ ૯૬૬૪૬૫૯૪૪૬

2

617
ખોડિફાડ કાર્તિક પંકજભાઇ સુખાભાઇ
મોરંગી ૯૩૭૬૫૦૮૦૪૩

3

615
સેંતા સંદિપ કાળુભાઇ નારણભાઇ
ત્રાપજ ૯૪૨૯૧૬૫૧૮૩

4

605
વળિયા કેવલ રણછોડભાઇ રવજીભાઇ
દિહોર ૮૨૦૦૬૫૯૭૪૩

5

592
ચૌહાણ રાજુ લાલજીભાઇ દેવજીભાઇ
ભદ્રાવળ-૩ ૯૫૭૪૨૪૩૮૯૧


બીજા વર્ષમાં મંગલ પ્રવેશ
KRISHIV
REDEFINING WOMEN'S HEALTH
ક્રિશીવ હોસ્પિટલ
વુમન્સ કેર & I.V.F. સેન્ટર
IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) માર્ગદર્શન કેમ્પ
માત્ર ૧.૧૦ લાખમાં બે IVF Cycle
0% Interest Rate Available
EMI સુવિધા ઉપલબ્ધ
ડૉ. દિનેશ જે. ટાઢા (પટેલ)
M.S. (Gynaec), FMAS
સ્ત્રી રોગ નિષ્ણાંત
લેપ્રોસ્કોપીક સર્જન
I.V.F. સ્પેશ્યાલીસ્ટ
સુવિધાઓ :-
• પ્રસુતિગૃહ
• લેપ્રોસ્કોપી
• 3D-4D સોનોગ્રાફી
• અધતન IVF સેન્ટર
• IUI સેન્ટર
• મેડીક્લેઈમની સુવિધા
૧૦૧, પહેલો માળ, લા-સિટાડેલ કોમ્પલેક્ષ, CNG પમ્પની બાજુમાં, કાંગારૂ સર્કલ પાસે, પુણા પાટીયા, સુરત.
99989 54445 (એપોઈન્ટમેન્ટ માટે)

## વિચાર - દર્પણ

### શિક્ષણ અને સંસ્કાર




ભારતે જન્મ દુર્લભઃ તેમ કેમ કહેવાય છે? કારણ કે ભારતીય સંસ્કૃતિ પાસે ગીતા, મહાભારત અને વૈદિક સંસ્કૃતિ છે. માણસ તેના રસ્તે ચાલી નરમાંથી નારાયણ બની શકે છે. પરંતુ પાશ્ચાત સંસ્કૃતિની આંધીમાં માણસ ભોગલંપટ અને સ્વાર્થી બનતો જાય છે. એટલું જ નહીં પણ તેના મૂળ સંસ્કારને ભૂલી પશુ જીવન જીવતો થયો છે. તેથી રહેણી કહેણી, રીત-ભાત, વર્તન અને વ્યવહાર - સાવ બદલાય ગયા છે. પરિણામે 'ત્યાગીને ભોગવી જાણો' ની વાતો ભૂલી માત્ર ઈટ, ડ્રીંક એન્ડ બી મેરી - ની વાતોમાં ફસાતો જાય છે. ભૌતિકતાનો અજગર ધીમે ધીમે તેનો ભરડો મજબુત કરતો જાય છે. પરિણામે માણસ આગળ આજે સગવડો છે પણ શાંતિ નથી. સુખ છે પણ સંતોષ નથી. પરિણામે માણસ માણસ ન રહેતા યંત્ર બની ગયો છે. આ બધાથી આપણને બે વાતો જ બચાવી શકે તે છે શિક્ષણ અને સંસ્કાર - માત્ર શિક્ષણ આવે તો પણ માણસ સંસ્કાર વગર રાક્ષસ બની શકે છે તેથી માણસ બે હલેસાથી જ જીવનનૈયા સીધી ચલાવી શકે બેમાંથી કોઈપણ એક હલેસું હોડીને માત્ર ફરતી રાખે છે આગળ જવા દેતી નથી. ખરક જ્ઞાતિને પણ આધુનિકતાનો અજગર ભરખતો જાય છે ત્યારે ખરકની ખાનદાની અને ખરકના મૂળ સંસ્કાર જ એમને બચાવી શકશે. પૈસો, પ્રતિષ્ઠા, પદ - માણસને પાવર આપે છે પરંતુ સંસ્કારનો ફ્યુઝ નહીં હોય તો જીવનની પુરી સર્કીટ બળી જશે. આપણે ધીમે ધીમે આપણા વારસા અને વૈભવને વિસરી રહ્યા છીએ - તે જ્ઞાતિ માટે ખૂબ ઘાતક અને બાધક બની શકે છે. આથી કૂવામાં હશે તો હવાડામાં આવશે તે વાતને ધ્યાનમાં રાખી આપણી નવી પેઢીને બચાવવા આપણે આપણું વર્તન, વાણી અને વ્યવહાર શ્રેષ્ઠ બનાવવા પડશે.

જ્ઞાતિના યુવાનો મહેનતુ, નિખાલસ અને મોટાભાગે નિર્વ્યસની છે તે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે તેથી તે મૂડીને જાળવી લેવા આપણે ધર્મ અને સંસ્કારોને વળગી રહેવું પડશે. માણસ ગમે તે ધર્મ કે સંપ્રદાય પાળે પણ તેમાં સાતત્ય અને શ્રદ્ધા અનિવાર્ય છે. આવનારી આંધીમાં માત્ર ધર્મની દીવાદાંડી જ માણસને દિશા આપી શકશે. તેથી માત્ર 'પૈસો' જ મોટો છે તેવું ન વિચારો. પૈસો તો માત્ર સાધન છે. પરિવારપ્રેમ અને પ્રચલનવાદ જ તમો ને સુખ આપશે. બીજાને હલકો સમજવો તે પાપ છે કારણ કે મારામાં જે ભગવાન બેઠો છે તે ભગવાન તેનામાં પણ છે. આથી નિંદા, ઈર્ષા ક્યારેય ન કરવી. બીજું હું કમાઉ છું તેમાં મારો ભગવાન મારી સાથે છે તેથી મારી કમાણીમાં ભગવાનનો ભાગ છે તેમ માનવું. તેથી પૈસાની, મિલ્કતની વડાઈ કદી ન કરવી. બીજો બીજો નથી પણ મારો ભાઈ છે તેમ તેમ ગણી તેની સાથે સારું વર્તન કરવું. જ્ઞાતિમાં અનેક ગુણો છે તેને જાળવી રાખવા તે જ જ્ઞાતિના વિકાસની ચાવી છે. મને આશા છે કે આપણી આવતી કાલ આપણા સંસ્કાર અને શિક્ષણની દીવડીઓના લીધે અંધારી નહીં ઉજળી હશે.

- મગનભાઈ માવજીભાઈ કામળિયા (રાણીવાડા)
કૃષિ વિકાસ કેન્દ્ર - મહુવા

## અભિનંદન



ધારડીના શ્રી કલ્પેશભાઈ પરશોત્તમભાઈ સેંતા ૨૦૨૧ મા વર્ષમાં લેવાયેલ NEET (pg) માં 646/800 માર્ક લાવી સમગ્ર ધારડી ગામ, સેંતા પરિવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. તેઓ ધો. ૧૨માં 99.30 Per. લાવેલ જયારે ગુજકેટમાં 114.75/120 લાવેલ. તેઓને ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.



ભુંભલી નિવાસી શ્રી અરવિંદભાઈ રાણાભાઈ સેંતાની નિયુક્તિ શ્રી ઘોઘા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના ડાયરેક્ટર તરીકે થયેલ છે તે જ્ઞાતિ તથા સારસ્વત પરિવાર માટે ગૌરવપ્રદ બાબત છે.



થોરાળીના શ્રી રાણાભાઈ નારણભાઈ ખીમાણીને ડોગ સ્કવોડ સુપરવાઈઝરમાંથી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (A.S.I.) તરીકે પ્રમોશન મળેલ છે. નિષ્ઠા અને સતત મહેનતને વરેલ રાણાભાઈએ જ્ઞાતિ તથા પોતાના હોદ્દાનું ગૌરવ વધારેલ છે. અભિનંદન.



મહુવાના રામ કૂડના માલિક તથા સ્વ. ગીરધરભાઈ વળિયાના પુત્ર શ્રી વરૂણભાઈ ગીરધરભાઈ વળિયાની નિમણૂંક મહુવા જૂથ સહકારી મંડળીમાં ડીરેકટર તરીકે થયેલ છે. ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.




લીલીવાવવાળા શ્રી દિનેશભાઈ ભોજાણી (એલઆઈસી એજન્ટ - તળાજા) ને ૨૦૨૦/૨૨ના વર્ષનો LIC નો સર્વોચ્ચ એવોર્ડ COT (USA) એનાયત થયો તે ગૌરવપ્રદ સિદ્ધિ છે આ ઉપરાંત ૨૦૧૧ થી દર વરસે કરોડપતિ વીમા એજન્ટ, ૨૦૧૫થી MDRT (USA) ની સિદ્ધિ તથા અનેક વાર શતકવીર વીમા એજન્ટ બનેલ છે. ખરક સમાજ દર્પણ તેના ખંત અને સિદ્ધિને બીરદાવે છે.

**જ્ઞાતિના MBBS થયેલ મિત્રો NEET (PG) 2021 માં સારા માર્ક લાવી પોતાની કેરિયર તરફ ડગ માંડે છે**

(૧) સેંતા કલ્પેશ પરશોત્તમભાઈ ૬૪૬ ધારડી
(૨) કામળિયા ઉષ્મા મગનભાઈ ૫૫૬ મહુવા
(૩) વાળાકી જય નાથાભાઈ ૫૪૬ મહુવા
(૪) કાપડિયા અજય પરશોત્તમભાઈ ૫૧૫ મહુવા
(૫) કાપડિયા લલીત ધીરૂભાઈ ૫૦૧ ઉમણીયાવદર
(૬) દેસાઈ રાહુલ મથુરભાઈ ૫૦૮ મહુવા
(૭) ભૂત અંકુર પરશોત્તમભાઈ ૪૮૭ મહુવા
(૮) વળિયા પ્રકાશ રણછોડભાઈ ૪૮૨ ભાદ્રોડ
(૯) સોલંકી વિવેક વલ્લભભાઈ ૪૮૧ જુનાગઢ

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)




દેશ : U.S.A.
નામ : ડૉ. દર્શન જેરામભાઈ પટેલિયા
પિતા : જેરામભાઈ રત્નાભાઈ પટેલ
પરિવાર : કિરણ (પત્નિ) વિહાન, વેદાંત (પુત્રો)
વતન : વાળુકડ, ભાવનગર
અભ્યાસ : M.B.B.S., M.D., M.P.A.
કાર્યક્ષેત્ર : ફેમિલી મેડિસીન, લાઈફ સ્ટાઈલ મેડિસીન, ઓબેસીટી મેડિસીન, બોટોક્સ, કાર્ડિયાક, રેહબ, જેરિટીક્સ મેડિસીન.
હોદ્દો : (૧) કન્સલ્ટીંગ ફિઝીશ્યન સેંટ ફ્રાન્સિસ મેડિકલ સેન્ટર U.S.A.
(૨)મેડિકલ ડાયરેક્ટર સેંટ ફ્રાન્સિસ હોમ હેલ્થ
નિવાસ : 203, Hoover Dr. Monroe, Louisima 71203. U.S.A.
મો. : +૧ ૩૧૮ ૮૮૪ ૬૪૬૧

## સમાચાર - દર્પણ

**શ્રી સમસ્ત ખરક જ્ઞાતિ મેડિકલ પેરા મેડિકલ એસોસીએશન (KDA) સંગમ - ૨૦૨૧ (સ્નેહ મિલન)**




ડૉ. અરવિંદભાઈ કુચા તથા ટીમ સંગમના આયોજન દ્વારા આ વરસે ભાવનગરના રંગોળી પાર્ક ખાતે તા. ૩૧/૧૦/૨૧ના રોજ સમસ્ત ખરક જ્ઞાતિના ડૉક્ટર્સ તથા ભાવિ ડોકટરોનું સપરિવાર ગેટ ટુ ગેધર રાખવામાં આવેલ જેમાં કુલ ૩૭૪ લોકોએ ભાગ લીધો. સંગમ - ૨૦૨૧માં રજીસ્ટેશન, વેલકમ ડ્રીંકસ, ખેલ-ખેલમે, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સંવાદ અને પરિસંવાદ રખાયા આ ઉપરાંત રાત્રે સંગીત સંધ્યાનું રૂડું આયોજન કરાયું જેમાં પૂરા પરિવારે રાસ ગરબાનો આનંદ લીધો. અંતમાં સમુહ ભોજન રખાયું. દર વરસે ઉત્તરોત્તર સુંદર બનતાં જતાં કાર્યક્રમથી સૌને સંતોષ થયો.





ઓછા ખર્ચમાં

# ફિલિપાઈન્સમાં MBBS

**1 વર્ષ ગુજરાતમાં તથા 4.5 વર્ષ ફિલિપાઈન્સમાં ભણો**

છેલ્લા 10 વર્ષમાં 1250 થી વધુ ગુજરાતી વિદ્યાર્થીની MBBS માટે ફિલિપાઈન્સની પ્રથમ પસંદગી

## LYCEUM NORTHWESTERN UNIVERSITY

DAGUPAN CITY, PHILIPPINES (Recognised by WHO MCI, CHED, IMED, ECFMG)

**વિદ્યાર્થીઓની ફિલિપાઈન્સમાં MBBS અભ્યાસની પ્રથમ પસંદગીના કારણો નીચે મુજબ છે**

(૧) ફિલિપાઈન્સ એ એશિયા ખંડનો દેશ છે. આથી આપણા દેશ જેવું વાતાવરણ (8°C to 36°C), આપણા જેવા લોકો, શાંત વાતાવરણ.

(૨) ફિલિપાઈન્સ એ દુનિયાનો ત્રીજો નંબરનો અંગ્રેજી ભાષા બોલતો દેશ છે. યુનિવર્સિટીમાં સંપૂર્ણ અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં થાય છે. જ્યારે અન્ય દેશો જેવાં કે રશિયા, યુક્રેનમાં ત્યાંની લોકલ ભાષામાં અભ્યાસ થાય છે.

(૩) પ્રથમ વર્ષ ગુજરાતમાં ભણવાનું હોવાથી એનો ફાયદો એ છે કે ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ દરમ્યાન અંગ્રેજીમાં અભ્યાસનો મહાવરો થઈ જાય છે. આથી બીજા વર્ષે ફિલિપાઈન્સ જશે ત્યારે અંગ્રેજી માધ્યમમાં લેવાતા લેક્ચર બરાબર સમજી શકશે.

(૪) ફિલિપાઈન્સમાં MBBS (B.S.-M.D.) 5.5 વર્ષમાં (ઈન્ટર્નશીપ સાથે) પૂર્ણ થાય છે જ્યારે રશિયા, યુક્રેન, બેલારૂસમાં 7 વર્ષ થાય છે.

(૫) ભારતમાં થતા રોગો અને ફિલિપાઈન્સમાં થતા રોગો સમાન છે તથા ભારતીય મેડીસીન પણ ફિલિપાઈન્સમાં મળી રહે છે.

(૬) હોસ્ટેલ કોલેજની સામે જ છે તથા ગુજરાતી ભોજનની કેન્ટીન પણ ઉપલબ્ધ છે.

(૭) ફિલિપાઈન્સમાં MBBS નો અભ્યાસ કર્યા બાદ, પરત આવે ત્યારે NMC (National Medical Commission) ની પરિક્ષા પાસ કરવાની હોય છે. આ પરિક્ષાની તૈયારી ફિલિપાઈન્સમાં અભ્યાસ સાથે જ કરાવવામાં આવે છે.

(૮) ફિલિપાઈન્સમાં ઈન્ટર્નશીપમાં વિદ્યાર્થીઓને ક્લિનીકલ એક્પોઝર ખૂબજ સારું મળે છે. હોસ્પિટલમાં પ્રેક્ટીકલ નોલેજ શ્રેષ્ઠ પ્રકારનું મળે છે.

(૯) જે વિદ્યાર્થીને PG કરવા માટે યુ.એસ.એ. જવું હોય તેમના માટે USMLE ની પરિક્ષાની તૈયારી અભ્યાસ સાથે જ ફિલિપાઈન્સમાં થાય છે.

(૧૦) NEET ક્વોલીફાઈડ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ (BS-MD) પ્રવેશ મળે છે.

(૧૧) NEET અનક્વોલીફાઈડ વિદ્યાર્થીઓ વર્ષ બચાવો. જે વિદ્યાર્થીને NEET નો સ્કોર, કટ ઓફ માર્કસથી ઓછા આવ્યા હોય, તેવા વિદ્યાર્થી મિત્રો પણ ડૉક્ટર બનવાનું પોતાનું સપનું પૂર્ણ કરી શકે છે. આ અંગેની માહિતી માટે અમારો સંપર્ક કરો.

(૧૨) લોન માટે : Rs. 15 Lac ની ગર્વમેન્ટ લોન 4% વાર્ષિક વ્યાજ દરથી EWS, OBC, SC, ST તમામ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે મળે છે. લોનની સમગ્ર પ્રોસેસ કરવાનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.



એડમીશન માર્ગદર્શન માટે મળો

**કેરીયર સ્ટડી સેન્ટર** (રજી.)

૨૧૮, યુનિવર્સિટી પ્લાઝા, રસરંજન રેસ્ટોરન્ટ પાસે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સંપર્ક : મનસુખભાઈ સેંતા • M. : 98240 44364 • Tel. : 079-27913386

અભિનંદન

ખરક સમાજ દર્પણ

# NEET (UG) 2021 તેજસ્વી તારલાંઓ


585
કાગડા હાર્દિક અશોકભાઇ મોહનભાઇ
મહુવા ૮૫૧૨૦૮૦૧૨૪


581
ઠંઠ નિશા સંદિપભાઇ હરિભાઇ
ખંઢેરા ૯૩૭૪૨૪૫૫૧૩


577
કુચા બંસરી અશોકભાઇ રવજીભાઇ
મહુવા ૯૪૨૮૬૨૧૦૯૧


577
ટાઢા સાગર ખીમજીભાઇ ડાયાભાઇ
દાઠા ૯૬૨૪૬૧૯૨૩૬


575
ટાઢા કિંજલ વિઠ્ઠલભાઇ ગફૂલભાઇ
ગુંદરણા ૯૬૬૨૯૧૮૫૨૦


567
ટાઢા પ્રકાશ રમેશભાઇ મેપાભાઇ
મહુવા ૯૯૦૪૩૨૦૮૧૬


567
વાળાકી મીતુલ વલ્લભભાઇ વિઠ્ઠલભાઇ
માળવાવ ૯૮૭૯૧૪૦૯૫૬


547
કાપડિયા સુધીર માધાભાઇ માવજીભાઇ
નૈઈપ ૯૭૨૫૬૬૨૩૯૮


543
કામળિયા દિલીપ રમેશભાઇ ખાટાભાઇ
ધારડી ૯૯૦૯૪૭૧૬૦૧


539
વળિયા હેત્વી હિંમતભાઇ ખાટભાઇ
રાજકોટ ૯૮૨૪૯૯૨૬૮૦


536
ચૌહાણ ભૂમિ ધરમશીભાઇ કાનાભાઇ
ભદ્રાવળ-૩ ૯૯૭૯૨૬૩૮૫૩


535
ખીમાણી જયનમ્ સતીશભાઇ ખાટાભાઇ
ભાવનગર ૮૧૬૦૧૦૩૭૧૦


532
કુચા રવિ રાજુભાઇ મીઠાભાઇ
ત્રાપજ ૮૯૨૮૪૪૯૯૩૫


529
સેંતા અજય ધીરૂભાઇ ગફૂલભાઇ
વડલી ૯૬૨૪૧૬૭૪૯૬


518
સેંતા ચિરાગ નાગજીભાઇ વાલજીભાઇ
મહુવા ૭૨૦૩૮૭૦૨૪૧


517
સેંતા રવિ ડાયાભાઇ ગફૂલભાઇ
તળાજા ૯૯૭૮૯૫૧૨૯૫


513
ભોજાણી ભવદીપ રામજીભાઇ નાનુભાઇ
હમીરપરા ૮૪૬૯૪૬૫૫૧૨


506
વળિયા માનસી રણછોડભાઇ ગવરાભાઇ
તરેડ ૯૮૭૯૭૪૮૫૯૪


506
ભૂત નિરવ મુકેશભાઇ ડાયાભાઇ
મહુવા ૯૭૨૩૪૪૩૮૪૯


502
ઠંઠ ચિરાગ ઠાકરશીભાઇ રવજીભાઇ
ભંડારિયા ૯૪૨૭૧૪૪૮૨૨

BHOJANI BROTHERS GROUP

BHOJANI
GITABEN NARSHIBHAI

EQUITY ◆ COMMODITY
CURRANCY ◆ MUTULFUNDS

Nilesh Bhojani Bhavnagar 9723398817
Narshi Bhojani Mahuva 9824218830

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
digit CSC
SBI
SBI general INSURANCE

**શ્રી વિવેકાનંદ ઓનલાઈન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ
ભગવતી ચોક, કાળિયાબીડ, ભાવનગર
**નિલેશ પી. ટાઢા**
9328742121

જેનિલ

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજની કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
**રમેશ પી. ટાઢા**
9328722121

## શ્રી વિવેકાનંદ ઓનલાઈન

- ઓનલાઈન ફોર્મ
- પાસપોર્ટ ફોટો
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટીકીટ બુકીંગ
- બાઈન્ડીંગ
- મોબાઈલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઈરલ
- ડિશ ટીવી રિચાર્જ
- ઝેરોક્ષ
- પાનકાર્ડ
- આધાર કાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

## SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ
- આધારકાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નં. થી ભગવતી સર્કલ SBI માં રૂા. ૧૦૦ થી રૂા. ૨૦૦૦૦ જમાં થશે
( SBI ની કોઈ બીજી બાંચ માં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલી આપીશું. ❋ જનધન ખાતું ખોલી આપીશું.

**SBI બેંક પાસબુક માં એન્ટ્રી પાડી આપવામાં આવશે.**
નોંધ : બારકોડ સ્ટીકર ફરજીયાત લગાવેલું જોઈશે.

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- ફાસ્ટેગ કાઢી આપીશું
- થર્ડપાર્ટી તથા ફુલ વિમા કરી આપીશું (ટુવ્હિલર તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
FASTag Easy to Cruise

## तत्काल मनीट्रान्सफर
**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**




## સમાચાર દર્પણ

### જ્ઞાતિ ભોજન



મહુવા : જર્મન ફૂડ (મહુવા) રાધેશ્યામ એગ્રો કેમિકલ (મહુવા) એન.કે. એન્ડ સન્સ (મહુવા) જેવા વ્યવસાયિક પ્રતિષ્ઠાન ધરાવતાં શ્રી નાનજીભાઇ કેશવભાઇ ભૂતના સુપુત્ર ચિ. જયદીપના શુભ લગ્ન ભૂપતભાઇ ભીમજીભાઇ કોરડિયા (મહુવા) ની સુપુત્રી ચિ. ભાવના સાથે તા. ૨૮/૧૧/૨૧ના રોજ થયેલ છે તે નિમિત્તે તેઓશ્રીએ સમગ્ર મહુવા જ્ઞાતિનું ભોજન તા. ૨૬/૧૧/૨૦૨૧ના રોજ સોનાવાલા બાગમાં રાખેલ સાથે ગાયિકા રુત્વિ પંડ્યા તથા ગાયક સાગરદાન ગઢવીના સાંનિધ્યમાં જ્ઞાતિની બહેનો માટે દાંડિયારાસ રાખેલ. આ પ્રસંગે અસલમ એન્ડ અસલમની ટીમે ફાયર ઢોલ તથા વોટર ઢોલનું નિદર્શન કરેલ. સમગ્ર ખરક જ્ઞાતિ નવદંપતિને શુભેચ્છા પાઠવે છે.



નૈંઇપ : ગોપાભાઇ પુનાભાઇ, મનુભાઇ પુનાભાઇ તથા કલ્યાણભાઇ પુનાભાઇ (મુંબઇ) ના મોટાભાઇ સ્વ. ભગવાનભાઇ પુનાભાઇ વાળાકીના કારજ નિમિત્તે તેમના પુત્ર મહેશભાઇ ભગવાનભાઇ વાળાકીએ ચાર ગામની નાત (વાલાવાવ, નૈંઇપ, કળસાર, માળવાવ) તા. ૨૧/૧૧/૨૦૨૧ના રોજ રાખેલ. સ્વર્ગસ્થને સમગ્ર જ્ઞાતિ શ્રધ્ધાંજલિ પાઠવે છે.



ખંઢેરા (મહુવા) : શ્રી મનસુખભાઇ નાથાભાઇ સેંતા (અમદાવાદ) શ્રી મહેશભાઇ નાથાભાઇ સેંતા (ભાવનગર) તથા હિંમતભાઇ નાથાભાઇ સેંતા (પ્રગતિ બુક સ્ટોર - મહુવા) ના પિતાશ્રી તથા ગં.સ્વ. લાડુબેન સેંતા ના પતિ સ્વ. નાથાભાઇ ભીખાભાઇ સેંતા (ઉ.વ. ૮૧) ના કારજ નિમિત્તે તા. ૨/૧૨/૨૧ના રોજ મહુવા ખરક જ્ઞાતિ ભોજન સોનાવાલા બાગમાં રાખવામાં આવેલ. સમગ્ર જ્ઞાતિ સ્વર્ગસ્થ નાથાભાઇને શ્રદ્ધાંજલિ પાઠવે છે.



મુળ નૈપના રહેવાસી હાલ મહુવામાં રહેતા શ્રી ભટુરભાઇ કાનાભાઇ વાળાકી તથા હિંમતભાઇ કાનાભાઇ વાળાકી તથા અશોકભાઇ કાનાભાઇ વાળાકીના પિતા તથા ગં.સ્વ. લાડુબહેન કાનાભાઇ વાળાકીના પતિ સ્વ. કાનાભાઇ ખીમાભાઇ વાળાકી (૮૧) મૃ.તા. ૨૩/૧૧/૨૧ની ઉત્તરક્રિયા નિમિત્તે તા. ૪/૧૨/૨૦૨૧ના રોજ સોનાવાલાબાગ, મહુવામાં જ્ઞાતિ ભોજન રાખવામાં આવ્યું.

## કેરિયર કોર્નર



### ધો. ૧૨ (સાયન્સ) નાં B - ગ્રુપનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ અભ્યાસક્રમો

વિદ્યાર્થી મિત્રો,

ધો. ૧૨ (સાયન્સ) નાં બી - ગ્રુપના વિદ્યાર્થીઓ **NEET** ના પરીણામ પછી ઉપલબ્ધ કોર્સીસ **MBBS, BDS, BAMS, BHMS, BNYS** છે. આ ઉપરાંત **B.Sc.** નર્સિંગ, **B.Sc.** બાયોટેકનોલોજી, **B.Sc.** એગ્રીકલ્ચર, **B.Sc.** હોર્ટીકલ્ચર, **B.Sc. & A.H.** આ ઉપરાંત ઘણા અભ્યાસક્રમો પણ છે.

ખાસ તો **NEET** નાં રીઝલ્ટ પછી વિદ્યાર્થીઓ **M.B.B.S.** માં પ્રવેશ મેળવવા ઇચ્છે છે. તેઓ જાણે છે કે **M.B.B.S.** માં પ્રવેશ મેળવવા માટે (૧) ગુજરાતમાં પ્રવેશ સમીતી દ્વારા સરકારી તેમજ સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં મેરીટ મુજબ પ્રવેશ મળે છે. (૨) મેનેજમેન્ટ કવોટામાં ગુજરાતમાં તથા અન્ય રાજ્યો જેવાં કે મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં પ્રવેશ મળી શકે. (૩) ગુજરાત તથા અન્ય રાજ્યોમાં **NRI** કવોટામાં સ્પોન્સર્ડ **NRI** થી પણ પ્રવેશ મેળવી શકાય છે. (૪) વિદેશોમાં જેમ કે ફિલિપિન્સ, યુક્રેન, બેલારીસ, કઝાગિસ્તાન વિગેરે દેશોમાં પણ **M.B.B.S.** માં અભ્યાસ માટે પ્રવેશ મેળવી શકાય છે. (૫) **NEET** કવોલીફાઇડ અથવા **NEET** નોન કવોલીફાઇડ વિદ્યાર્થીઓ **M.B.B.S.** માં પ્રવેશ મેળવી શકે છે.

ગુજરાતમાં **M.B.B.S.** ની કુલ સીટો ૫૫૦૮ છે. **BDS** - ૧૨૫૫, **BAMS** - ૨૨૪૨, **BHMS** - ૩૭૧૦ સીટો છે. વધુ માહિતી પ્રવેશ સમીતીની વેબસાઇટ **www.medadmgujarat.org** ઉપરથી મળશે. જેમાં છેલ્લા વર્ષમાં કેટલા માર્કએ કઇ કોલેજમાં કયાં કોર્સમાં પ્રવેશ અટકેલ છે તે જાણી શકાય છે.

વિદ્યાર્થી મિત્રો, ધો. ૧૨ (સાયન્સ) નાં એવરેજ માર્કસના વિદ્યાર્થીઓ મેડીકલ સિવાયના અભ્યાસક્રમો જેવા કે **B.Sc.** બાયોટેકનોલોજી, **B.Sc.** જીનેટીકલ, એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, વેટરનરી સાયન્સ, ફિઝીયોથેરાપી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવીને કોર્સમાં **India** અથવા વિદેશોમાં પ્રવેશ મેળવીને સારી કારકીર્દી બનાવી શકે છે.

મિત્રો, શિક્ષણ હવે વૈશ્રીક બન્યું છે. આપણા ખરક સમાજના વિદ્યાર્થીઓ પણ હવે અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રલિયા, યુ.કે. જર્મની જેવા દેશોમાં અભ્યાસ તથા નોકરી માટે જાય છે. સમય સાથે કદમ મિલાવીને આગળ વધી રહ્યા છે. તે આવકાર્ય બાબત છે. ભારતમાં તથા વિદેશોમાં પ્રવેશ માર્ગદર્શન માટે આપ શ્રી મનસુખભાઇ સેંતા મો. ૯૮૨૪૦ ૪૪૩૬૪ સંપર્ક કરી શકો છો.

- મનસુખભાઇ સેંતા, અમદાવાદ
(એજ્યુકેશન કન્સલટન્ટ)

**Website : www.careerstudycentre.in**

## હળવાશ

કનુ : અરે જગા, તું ઘીંગાણેથી પાછો કેમ આવી ગયો?
જગુ : ત્યાં તો ઝીંકાઝીંક ચાલે છે, ત્યાં કયાં કોઇમાં દયાનો છાંટો છે?

---

એક હાથીનું ઓપરેશન કર્યા પછી ડોકટરે નર્સને પૂછ્યું : 'બધા સાધનો તો બહાર જ છે ને?' કંઇ અંદર તો નથી રહી ગયું ને?
ગભરાતાં ગભરાતાં નર્સ બોલી : 'સાહેબ, સાધનો તો બધા બહાર છે કિન્તુ કમ્પાઉન્ડર મહેતા કયાંય દેખાતા નથી.'

---

શોલે ફિલ્મના કલાકારોએ આઇપીએલમાં ભાગ લીધો. ગબ્બરના બોલરોએ ૨૦ ઓવરમાં ૧૦૦ રન જ કરવા દીધા.. પણ વધારાના ૨૦૦ રન આપી દીધા... કારણ કે વિકેટકીપર ઠાકુર હતા!

---

ટીચર : એ ફોર
સરદાર : એપલ
ટીચર : જોરસે બોલો
સરદાર : જય માતા દી...!!

---

તમારા ખીસ્સામાં સો રૂપિયા નીકળે તો બાપુ તમે શું કરો?
પહેલા તો હું વિચારું કે મેં કોનો કોટ પહેરેલ છે.!!!

## મૃત્યુ નોંધ

સુરત (વડલી) : ટાઢા રામજીભાઇ જેરામભાઇ (૭૦) ૩/૧૧/૨૧
સાંખડાસર-૨ : ભસોટિયા રાકેશભાઇ ઘુઘાભાઇ (૨૧) ૧/૧૧/૨૧
ઉખરલા : ભૂત રાધાબેન પુનાભાઇ (૭૩) ૬/૧૧/૨૧
ધારડી : સુરાણી ભાવનાબેન મોહનભાઇ (૩૯) ૮/૧૧/૨૧
સાણોદર : ખોડિફાડ ઘુસાભાઇ ટપુભાઇ (૯૦) ૭/૧૧/૨૧
રાણીવાડા : કામળિયા ડાયાભાઇ ગીલાભાઇ (૭૪) ૮/૧૧/૨૧
થોરડી : સુરાણી કડવીબેન વશરામભાઇ (૭૫) ૯/૧૧/૨૧
નૈંઇપ : વાળાકી ભગવાનભાઇ પુનાભાઇ (૮૦) ૧૦/૧૧/૨૧
ઠળિયા : ટાઢા કરશનભાઇ દેવજીભાઇ (ભુવા) (૧૧૧) ૧૧/૧૧/૨૧
ઘાંટરવાળા : ટાઢા રાજાભાઇ જાદવભાઇ (૯૦) ૧૧/૧૧/૨૧
નૈંઇપ : વાળાકી પાંચાભાઇ વશરામભાઇ (૯૦) ૧૨/૧૧/૨૧
ભુંભલી : વળિયા કૈલાસબેન ભવાનભાઇ (૩૭) ૧૬/૧૧/૨૧
મહુવા : ભાલાળા ભગવાનભાઇ ભીખાભાઇ (૭૨) ૧૮/૧૧/૨૧
માળવાવ : કાપડિયા અંજુબેન બેચરભાઇ (૭૦) ૧૯/૧૧/૨૧
મોરંગી : વળિયા સંજય બાલાભાઇ (૧૨) ૧૯/૧૧/૨૧
મહુવા (ખંઢેરા) : સેંતા નાથાભાઇ ભીખાભાઇ (૮૧) ૨૦/૧૧/૨૧
મહુવા (નૈપ) : વાળાકી કાનાભાઇ ખીમાભાઇ (૮૧) ૨૩/૧૧/૨૧
તળાજા : સેંતા મધુબેન મોહનભાઇ (૪૭) ૨૪/૧૧/૨૧
ત્રાપજ : વળિયા લક્ષ્મીબેન ભુથાભાઇ (૫૮) ૨૪/૧૧/૨૧
તરસરા : સેંતા ધનીબેન ભાણાભાઇ (૧૧૦) ૨૬/૧૧/૨૧
મહુવા : સેંતા જીવીબેન કેશુભાઇ (૭૨) ૨૭/૧૧/૨૧
તણસા : સેંતા વશરામભાઇ માવજીભાઇ (૬૩) ૩૦/૧૧/૨૧